દાખલ તારીખઃ–૦૨–૦૭–૧૮

રજી. તારીખઃ–૦૨–૦૭–૧૮

ફેસલ તારીખઃ–૧૬–૦૯–૨૧

**અવધીઃ–૩ વર્ષરમાસ૧૪દિવસ.**

**મ્હે.કપડવંજના જયુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટ સમક્ષ, મુ.કપડવંજ.**

**ફોજદારી કેસ નં.૧૨૭૯/૨૦૧૮.**

**આંક :–૦૬**

શ્રી સરકાર . **.....ફરીયાદી.**

**વિરુધ્ધ.**

દિનેશભાઈ કેશાભાઈ રાઠોડ,
રહે.મીરાપુર સીમ એચ.એમ.કોલોની નજીક,
તા.કપડવંજ. **......આરોપી**.

ગુન્હો:**– પ્રોહી કલમ–૬૫એએ મુજબ.**

**–: ઠ રા વ :–**

**(૧)** આ કામના આરોપી સામે આ અદાલતની હકૂમતમાં તા.૨૮–૦૩–૨૦૧૭ ના રોજ કલાક ૧૯–૩૦ વાગ્યે મોજે મીરાપુર સોમનાથ સીમમા પાસે વગર પાસ પરમીટ વગરનો એક પ્લાના ગેલનમાં આશરે ૨ લીટર દેશી દારૂ કિ.રૂા.૪૦ પોતાના અંગત કબજામાં રાખી જાહેરમાંથી લઈ આવતા પકડાઈ જઈ ધોરણસરની કાર્યવાહીના અંતે ઉપર મુજબનો ગુનો નોંધવામાં આવેલો છે. ત્યારબાદ તપાસના અંતે હાલના આરોપી સામે ચાર્જશીટ રજુ કરતા તે હાલના કામે ફોજદારી કેસ નંબર ૧૨૭૯/૨૦૧૮ થી ફોજદારી કેસ રજીસ્ટરે નોધવામાં આવેલ છે.

**(૨)** આ કામે આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને અદાલત સમક્ષ હાજર થઈ ગુનાની કબુલાત પુરસીસ આંક–૦૫ થી રજુ કરેલ છે અને ગુના અંગે પુછતા આંક–૦૪ થી પ્લી–નિવેદન નોંધતા આરોપીએ ગુનો કબુલ કરેલ છે. આ સંજોગોમાં હાલના આરોપી સામેનો ગુનો પૂરવાર થતો હોય, આરોપીને ગુનાની સજા અંગે સમજ કરવામાં આવેલ છે. આરોપીએ પોતાની પુરસીસમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતા તેઓ ગરીબ, અને મજુર વર્ગનાં, કુટુંબ– કબીલા

વાળા અને  બાલ–બચ્ચાવાળા કુટુંબની જવાબદારી વાળા અને એકમાત્ર  કમાનાર વ્યકિત હોય, ગુન્હા બદલ તેને પસ્તાવો થયેલ છે. તેના પર દયારહેમ રાખવા વિનંતી કરેલી છે.

(૩)  ેહાલના આરોપી સામેના કેસમાં તપાસ કરનાર અમલદારશ્રી એ ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ–૬પએએ. મુજબ હાલનો ગુન્હો ગણી ચાર્જશીટ કરેલ છે પરંતુ આ કામનુ ચાર્જશીટ સાથે એફ.એસ.એલ.રીપોર્ટ પણ રજુ થયેલ નથી તેથી હાલના આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય તેથી સજાની જોગવાઈ ધ્યાને લેતાં કેસની હકીકતો, રજુઆતો અને કબુલાતના સંજોગો જોતા આ ગુનામાં આરોપીને  કસુરવાન ઠરાવવામાં આવે છે. સજાની જોગવાઈ, સંજોગો ધ્યાને લેતા આરોપીને પુરેપુરી સજા કરવાને બદલે **નામ.ગુજરાત હાઈકોર્ટના જી. એલ.આર. ૨૦૦૫, પેજ નં.૧૦૯, પરના  સ્ટેટ ઓફ ગુજરાત –વિ– નટવર હરચંદજી ઠકકર**ના ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ હળવી સજા કરવાનું ન્યાયોચિત જણાય છે અને આ કામે આરોપીએ ગુનો કબુલ કરેલ છે. આમ સમગ્ર હકિકતો લક્ષમાં રાખી હાલના ઉપર લખ્યા આરોપીને ગુનો કબુલ કરતા હોય ગુનાની કબુલાતના સંજોગોને ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ  ::–**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨પર મુજબ પ્રોહી.૬પ એ,એ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રુ.૩૦૦/–(અંકે રુપિયા ત્રણસો ) પુરાનો રોકડ દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા, જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૦૨ ની સાદી કેદ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના મુદામાલનો નાશ કરવો.

હુકમ આજ તા.૧૬ જી, માહે–સપ્ટેમ્બર,  સને–૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં  વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

કપડવંજ  ( બી.એચ.ભટ્ટ )

તા. ૧૬–૦૯ –૨૦૨૧.  જયુડી. મેજી. ફ. ક.

કપડવંજ

JUDGE CODE NO.GJ-01522